# કરકસરના નામે કાઉન્સીલરોના વિકાસ કામ અટકાવી ના શકાય : બિહોલા

## પંચાયતો બાદ હવે શહેરી વિસ્તારમાં પણ નવો વહીવટીય વિવાદ ઘેરો બન્યો : કાનૂની લડાઈ લડવાની ચીમકી આપતા બિહોલા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કાઉન્સીલરોને વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી સૂચવેલા કામો નહિ કરવાની સૂચના અને કરકસરની નીતિનું ખોટુ અર્થઘટન કરવા માટે કમિશનરને એક પત્ર લખી ઉઘડો લીધો છે.

બિહોલાએ લખેલા આ પત્રમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે કરકસર માટેના પરિપત્રમાં ક્યાંય કાઉન્સીલરની ગ્રાન્ટનો ઉલ્લેખ શુદ્ધા નથી કરવામાં આવ્યો પરંતુ મનસ્વી અર્થઘટન આપતુ તંત્ર કરી રહ્યુ હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે તંત્ર દ્વારા કરાતા આ પ્રકારનું અર્થઘટન એ જનાદેશનું અવમાન કરવા બરાબર હોવાનું પણ આ પત્રમાં જણાવી આ અંગે કાનૂની લડાઈ લડવાની પણ ચીમકી આપી છે.

જો મનપાને કરકસર જ કરવી હોય તો મનપાના પદાધિકારીઓ મેયરના ગ્રાન્ટના કામો, ડેપ્યુટી મેયરના ગ્રાન્ટના કામો તેમજ સ્થાયી સમિતિ ચેરમેનના ગ્રાન્ટના કામોને કેમ અટકાવવામાં નથી આવ્યા ? તેઓની ગ્રાન્ટમાંથી વિકાસના કામો કેમ હાલમાં ચાલુ છે. જે બાબત આશ્ચર્યજનક છે.

મનપા દ્વારા રોજબરોજ ઘણા કામોના અધધ... રૂપિયાના કામો માટે ટેન્ડરો બહાર પાડવામાં આવી રહ્યા છે અને આ કામોને મંજુરી પણ અપાઈ રહી છે. આ ઉપરાંત અગાઉ મંજુર થયેલ કામોમાં પણ કામોના વધારા માટેની મંજુરીઓ પણ આપવામાં આવી રહી છે. તો આ કામો માટે આપણું તંત્ર સરકારની કસકસરને કેમ નજરઅંદાજ કરી રહ્યું છે ? આવી મોટી રકમોના કામોના ટેન્ડરો બહાર પાડીને તંત્ર ફક્ત ભ્રષ્ટાચાર કરી રહ્યું હોય તેવું જણાઈ આવે છે. કરકસરના બહાના હેઠળ જો પ્રજાના પ્રાથમિક વિકાસના કામોને જ અટકાવવામાં આવી રહ્યા હોય તો ટેન્ડરો શું કામ બહાર પાડવામાં આવી રહ્યા છે ? અને તંત્ર આવા કામોને મંજુરી પણ આપી રહ્યું છે જે બાબત ખુબ જ આશ્ચર્યજનક છે.

જો તંત્ર કરકસરના બહાને નિયમોની વિરૂદ્ધ જઈને કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી કામો અટકાવી રાખ્યા છે તેને શરૂ નહિ કરે તો અમોએ કાયદાની શરણ લેવાની ફરજ પડશે જેની સંપૂર્ણ જવાબદારી આપના શિરે રહેશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આજે સરદાર હોલમાં સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે મળી હતી. પદાધિકારીઓ, અધિકારીઓ અને પત્રકારોને જ પ્રવેશ અપાયો હતો. જો કે ત્રણ ચાર મુલાકાતીઓને પણ ખાસ કિસ્સામાં પ્રવેશ અપાયો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આજે વેફર-બિસ્કીટનો નાસ્તો સભ્યોને અપાયો હતો.
- જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે તેમના વિસ્તારમાં વિકાસના કામો જે સૂચવ્યા હતા તેની ગ્રાન્ટ અટકાવતાં તેમણે વિરોધ નોંધાવ્યો છે. તેમણે જણાવ્યુ કે ગ્રાન્ટ અમારો અધિકાર છે તે અટકાવી શકાય નહિ આનાથી ૧૨ ગામોમાં વિકાસના કામો અટકી પડ્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ દાસની દિકરીને મેડીકલ પી.જી. માટે એનેસ્થેસિયા બ્રાન્ચમાં એડમિશન મળ્યુ છે.
- ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- મનપા દ્વારા શહેરમાં કેટલા કન્ટેનમેન્ટ ઝોન છે તેની વિગતો છુપાવવામાં આવતાં લોકોમાં રોષની લાગણી જન્મી છે. કેટલાક વિસ્તારોમાં માત્ર ૧ મકાન જ કન્ટેનમેન્ટ જોન હોવાનું જાહેર કરતાં પણ લોકો ભયથી થરથરી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગુરુજી... કોરોના થાય તો આટલી જ તકલીફ થાય ને...??

# વકીલોને કોર્ટ કાર્યવાહી માટે પ્રવેશ આપવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની રજુઆત

## બાર કાઉન્સિલના એસ. એસ. ગોહીલે રાજયપાલ અને મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત કરી : વકીલોના હીતમાં નિર્ણય લેવા માંગણી

ગાંધીનગર તા ૨૦

કોરોના કાળમાં કોર્ટ કાર્યવાહી પણ ઓનલાઈન ચાલે છે.જયારે ગાંધીનગર કોર્ટમાં પણ હાલ ન્યાયાધીશ તેમજ જરૂરી સ્ટાફ જ હાજર રહે છે. મોટાભાગના વકીલો ઓનલાઈન કાર્યવાહીથી પરિચિત નથી આવા સંજોગોમાં વકીલોને કોર્ટ કાર્યવાહી માટે પ્રવેશ આપવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય શંકરસિંહ એસ ગોહીલે રાજયપાલ તેમજ મુખ્યમંત્રીને પત્રના માધ્યમથી રજુઆત કરી છે.

કોરાનાના કહેર વચ્ચે સરકારી કચેરીઓ સહીત રાજયની અદાલતો પણ લાંબા સમય સુધી બંધ રાખવામાં આવી હતી જયારે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે લોકડાઉનનો સમયગાળો પુર્ણ થયા બાદ સરકારી કચેરીઓ ધમધમતી થઈ ગઈ છે. ગાંધીનગરની અદાલતો પણ ફીઝીકલી બંધ છે. રાજયની આર્થિક સ્થિતિને ધ્યાને લઈ વેપાર ધંધા ધમધમતા થાય તે માટે સરકારે તબકકાવાર અનલોક વન અને ટુ ના અંતે મોટાભાગની છુટછાટ આપી દીધી છે. કલેકટર કચેરી કોર્પોરેશન તેમજ કોર્ટ કચેરી પણ ખુલ્લી કરી દેવામાં આવી છે. નગરના નવા અને જુના સચિવાલયમાં પણ સેંકડો કર્મચારીઓ રોજબરોજ કામકાજ અર્થે આવે છે. જયારે હાલમાં જિલ્લા અને તાલુકા અદાલતોમાં જરૂર મુજબના કર્મચારીઓને હાજર રહેવા પણ પરિપત્ર કરાયો છે. જેના લીધે હાલ ન્યાયાધીશો તેમજ કર્મચારીઓ કોર્ટમાં હાજર રહે છે. પરંતુ વકીલ સિવાય ન્યાયીક કાર્યવાહી ચાલતી નથી જેના લીધે ન્યાયની કાર્યવાહી આગળ ચાલતી નથી. જયારે સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ તમામ અદાલતોએ બારરૂમમાં ઓનલાઈન કાર્યવાહી માટે જરૂરી સુવિધા પુરી પાડવા પણ જણાંવ્યુ છે. પરંતુ ૯૫ ટકા વકીલો ઓનલાઈન કાર્યવાહીથી પરિચીત નથી જેના લીધે કોર્ટની ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહી શકતા નથી. જયારે સરકારે વકીલોના હીત માટે કોઈ આર્થિક પેકેજ પણ જાહેર કર્યુ નથી. જેના લીધે વકીલોની આજીવિકા સામે પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે વકીલોને કોર્ટરૂમ તેમજ બારરૂમમાં પ્રવેશ આપવા બેઠક વ્યવસ્થા પર બેસવા દેવા માટે પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે. વકીલોના હીતમાં નિર્ણય લેવા માટે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્ય શંકરસિંહ એસ ગોહીલે મુખ્યમંત્રી તેમજ રાજયપાલનો પત્રના માધ્યમથી રજુઆત કરી છે.

# શહેરમાં સ્ટ્રોમ વોટરની કામગીરીથી વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાય સમયથી સ્ટ્રોમ વોટર પાઈપલાઈનની કામગીરીથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. આ કામગીરી યોગ્ય રીતે ન થતાં ભારે વરસાદમાં શહેરમાં ઠેર ઠેર મસમોટા ભુવા પડી ગયા છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં થોડાક માસ અગાઉ સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાંખવામાં આવી છે. મુખ્ય માર્ગોની પાસે જ કરવામાં આવેલી આ કામગીરી ખૂબ જ ઉપરછલ્લી રીતે કરવામાં આવી છે. જેના કારણે જરાક વધુ વરસાદ પડતાં જ શહેરના માર્ગો બેસી જાય છે. માર્ગોની આસપાસ મસમોટા ગાબડાં અને ભૂવા પડી જતાં વસાહતીઓ અને વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. માર્ગની આસપાસ જ ભૂવા પડતા રાત્રીના સમયે જો કોઈ વાહન નીચે ઉતરી જાય તો તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ શકે છે. જો ભૂવામાં ગાડી ફસાઈ જાય તો તેને કાઢવી મુશ્કેલ બને છે.

ગાંધીનગર શહેરમાં મુખ્યત્વે સે. ૧, ૪, ૫, ૬, ૭, ૧૩ સહિતના વિસ્તારોમાં વસાહતીઓ આ હાડમારીઓનો સામનો કરી રહ્યા છે. સે. ૧૩ પાસે ગ-રોડ ઉપર ઈકો ગાડી ફસાઈ હતી. તેમજ સે. ૧ માં એક્ટીવા ભુવામાં ગરકાવ થતાં વાહનચાલક માટીમાં રગદોડાયો હતો. ગુજરાતનું પાટનગર હોવા છતાંય આ સ્થિતિ ખરેખર શરમજનક કહી શકાય. વિકાસના નામે કોરોડો રૂપીયા ખર્ચી સ્માર્ટ સિટીની હોડમાં ભુવા સીટી તરફ ધકેલાઈ રહ્યું છે.

# સેમી અર્બન ગામોમાં સઘન સર્વેલન્સ કરી કોરોનાના કેસ શોધવામાં આવશે : દુહાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરની આસપાસના સેમી અર્બન વિલેજ તેમજ કલોલ તાલુકાના પણ સેમી અર્બન વિલેજીસમાં કોરોનાના કેસો શોધવા માટે સઘન સર્વેલન્સ સાથે એન્ટીજન ટેસ્ટ પણ વધારવાની નવી વ્યુહરચનાના સંકેત આજે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં આપ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે સર્વેલન્સ માટે આઉટ સોર્સથી ભરતી કરાયેલા નવીન કર્મયોગીઓ દ્વારા આ કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે હોમ આઈસોલેશનના દર્દીઓનું પણ સઘન મોનીટરીંગ કરાશે. તેમણે કહ્યુ હતુ કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ધન્વન્તરી રથ ફરી રહ્યા છે તેઓ રોજના સરેરાશ ૧૫૦૦ થી ૧૬૦૦ વ્યક્તીઓના આરોગ્યની ચકાસણી કરી રહ્યા છે. આ ચકાસણી દરમિયાન પણ શંકાસ્પદ કોઈ દર્દી જણાય તો તેને રિફર કરવામાં આવે છે.

કોરોનાની મહામારીને પહોંચી વળવા ટીમ જિલ્લા આરોગ્ય દ્વારા પોઝીટીવ કેસોના ટ્રેસીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે. એક્ટીવ હોમ આઈસોલેશન દર્દીઓ તેમજ એક્ટીવ કેસોના હાઈરિસ્ક કોન્ટેક્ટને નિયમિત રીતે કોલ કરી ફોલો-અપ કરવામાં આવી રહેલ છે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં કુલ ૪૫૦ ટીમ દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ૯૪ થી ઓછુ ઓક્સીજન સચ્યુરેશન લેવલ હોય તેમજ કોરોનાના લક્ષણ હોય તેવા દર્દીઓને અલગ તારવી આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવી રહેલ છે.

ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રેપીડ એન્ટીજન ટેસ્ટ પણ શરૂ કરવામાં આવ્યા છે. જે સારી સંખ્યામાં થયા હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૬૧૪ જેટલા આર.ટી.પી.સી.આર. તેમજ રેપીડ એન્ટીજન કેસ કરવામાં આવેલ છે. સુશ્રી દુહાને જણાવ્યુ હતુ કે પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સંપૂર્ણ રીતે સજજ છે. ક્વોરોન્ટાઈન અને કન્ટેનમેન્ટ ઝોનમાં રહેલા લોકોનું પણ મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

# પતિને ભભુતના નામે ઝેરી દવા પીવડાવી અસર ન થતા ચપ્પાના ઘા માર્યા

## ગુનાહિત સિરીયલ જોઈ પતિને મારવાનો પ્લાન ઘડ્યો, પિયર જવા મુદ્દે પતિ-પત્ની વચ્ચે ખટરાગ થતો હતો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ના ચકચારી હત્યા કેસમાં પત્નીએ પોતાના પતિને ઉંદર મારવાની દવા ખવડાવી હતી. છતા પણ પતિ ન મરતા પત્નીએ ટીવી પર જોવા મળતી ગુનાહિત સિરીયલોની જેમ પત્નીએ રૂમમાં પતિ સાથે સુંદર મજાની વાતો કરીને આંખે પાટા બાંધીને રમત રમવાની વાત કરી હતી. જેમાં પતિએ પણ પત્નીની વાત માનીને આંખે પાટા બાંધી દીધા હતા. ત્યારબાદ પત્નીએ ચપ્પુ નીકાળીને પતિ વાકજીના શરીર પર ઉપરાછાપરી ૮ થી વધુ ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી હતી. વાકજીના શરીર પર એટલા જોરદાર પ્રહાર ચપ્પાના કરાયા હતા કે પેટમાંથી આંતરડા પણ બહાર આવી ગયા હતા. જયારે હત્યા પછી પત્નીએ પુરાવાનો નાશ કરવા માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ આ હત્યા કેસમાં સેકટર-૨૧ પોલીસે આરોપી પત્નીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ બનાસકાંઠાના થરાદ તાલુકાના ઘેસડા ગામના વાકજી ચૌધરી અને ઉમિયા ચૌધરીના લગ્ન અઢી વર્ષ અગાઉ સમાજના રીતરીવાજ મુજબ થયા હતા. સાત સાત જન્મ સુધી એક બીજાની સાથે જીવવા મરવાની સોગંધ ખાનાર પતિ-પત્નિ વચ્ચે એવુ તું શું બન્યું કે પત્નીનો પોતાના ભરથારને મારવાનો વિચાર મનામાં આવ્યો.



બનાસકાંઠાથી પોતાની પત્નીને ગાંધીનગર સાથે રહેવા માટે લાવવાની હોવાથી વાકજીએ સેકટર-૨૬ ખાતે ૧૦ દિવસ અગાઉ જ મકાન ભાડે રાખ્યું હતું વાકજીની પત્ની ઉમિયા વારે ઘડીએ પોતાના પિયર જતી હતી, જેથી પતિ વાકજી તેને વારંવાર પિયર ન જવા માટે જણાવતો હતો. પરંતુ નાની મોટી બાબત ઘરમાં જ શાંત થઈ જતી હતી. ગત તા.૧૪ મી જુલાઈના રોજ રાત્રીના સમયે ઉમિયાએ વાકજીને આપણી વચ્ચે ઝઘડો થાય છે અને ઘરમાં આર્થિક સ્થિતિ પણ સારી નથી, જેથી હું તમારા માટે ભભુત લાવી છું, આ ખાઈ લો બધી સમસ્યા દુર થઈ જશે. પરંતુ ભભુતના નામે ઉમિયાએ આપેલી ઉંદર મારવાની દવાની અસર વાકજીને બે કલાક થવા છતા થઈ ન હતી. જેથી પત્નીને ચિંતા વધી ગઈ હતી કે જો પતિને ખબર પડી જશે તો થશે.? ઉમિયા દરરોજ ગુનાહિત પ્રકારની ટીવી સિરીયલ જોતી હતી, જેને અનુલક્ષી ગુનાહિત એપીસોડનો પ્લાન વિચારીને પતિ સાથે પ્રેમભરી વાતો કરવા લાગી હતી. થોડા સમય પછી તેણે પતિની આંખો પર પાટા બાંધીને એક રમત રમવા માટે કહ્યું હતું, આ રમત રમવા માટે વાકજી પણ તૈયાર થઈ ગયો હતો. ગણતરી મિનિટો પ્રેમભરી વાતો કરીને ઉમિયાએ પોતાના પતિને બીજી અન્ય વાતે ચડાવીને ધારદાર ચપ્પા વડે તેના પતિના શરીર પર એક પછી એક ૮ થી વધુ ઘા ઝીંકી દેતા વાકજી લોહીના ખાબોચીયામાં ફસડાઈ પડ્યો હતો. થોડા સમય પહેલા પત્ની માટે ગાંધીનગર ખાતે રાખેલા ભાડાના મકાનમાં આ ખુની ખેલ ખેલાયો હતો. પતિની હત્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે ઉમિયાએ પ્રયાસ કર્યો હતો. ઉમિયાએ ચપ્પાને પાણીથી સાફ કરી દીધુ હતું. ત્યારબાદ ઉમિયાએ તેના પિતાને ગામડે ફોન કરીને તેના પતિની તબિયત સારી નથી તેમ કહ્યું હતું. થોડીવાર પછી પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી, વાકજીનો મૃતદેહ ઘરમાં પડ્યો હતો. ત્યારબાદ પોલીસે ઉમિયાને પુછ્યું હતું પણ જવાબ આપતી ન હતી. પરંતુ પોલીસની કડક પુછપરછ બાદ ઉમિયાએ તમામ હકીકત પોલીસને કહી દીધી હતી.

# મૂન લેન્ડિંગ ડે નિમિત્તે સાયન્સ સિટી ખાતે વેબિનાર યોજાયો

ગુજરાત સાયન્સ સિટી, ખાતે સોમવારે મૂન લેન્ડિંગ ડે નિમિત્તે બે ઓનલાઈન ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આજથી એકત્રીસ વર્ષ પહેલા ૨૦ જુલાઈ, ૧૯૬૯ના રોજ અમેરીકાના અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન એલ્ડ્રિને એપોલો ૧૧ સાથે ચંદ્ર પર ઐતિહાસિક ઉતરાણ કર્યું હતું જેના સંદર્ભેઆયોજન કરવામાં આવ્યું હતું.

ડો. વિશાલ જોશી - પ્લાઝમા રીસર્ચ સેન્ટરના વિજ્ઞાનીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે દેશોએ તેમના ચંદ્ર મિશનમાં કેવી રીતે પ્રગતિ કરી હતી. ડો.જોશીએ ભારતના ચંદ્રયાન મિશન વિશે માહિતી આપી હતી. તેમણે ચંદ્ર પર માનવ વસાહત કરવા અંગે વૈજ્ઞાનીકો દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રશ્નો વિશે પણ વાત કરી હતી. 'ઉલ્કાઓ ચંદ્રની સપાટી પર પડવાથી તે સરળ બનશે નહી. ઉપરાંત, માનવ નિવાસ માટે ઓક્સિજન અને પાણી પૂરતા પ્રમાણમાં હોવા જરૂરી છે.'

અગાઉ આજે ગુજરાત સાયન્સ સિટી દ્વારા આયોજિત ફેસબુક લાઈવ ટોકમાં પૂનાની આઈયુસીએએના વિષય નિષ્ણાત સમીર ધૂર્ડે દ્વારા ચંદ્રના રહસ્યમય અને પડકારજનક સ્થળો વિશે અને ચાલી રહેલી ભવિષ્યની યોજનાઓ વિશે વાત કરવામાં હતી.

# ગાંધીનગરના સેવાભાવી તબીબ ડો પાર્થ પંડ્યાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર તા ૨૦

કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. સમગ્ર વિશ્વના દેશો કોરોનાની ચુંગાલમાં છે જયારે ભારતમાં પણ કોરોનાના દર્દીઓ દિનપ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહ્યા છે. દેશના સંખ્યાબંધ તબીબો પણ કોરોનાથી સંક્રમિત થયા છે. જયારે કેટલાક તબીબોએ જનસુખાકારી માટે પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. ગાંધીનગરમાં પણ રાત દિવસ તબીબો કોરનાના દર્દીઓની સારવારમાં વ્યસ્ત છે. ગાંધીનગરના યુવા તબીબ પાર્થ પંડયા પણ કોરોનાના સંક્રમણનો શિકાર બન્યા છે. ડો પાર્થ પંડયા નગરની શાશ્વત અને આશ્કા હોસ્પિટલમાં કન્સલ્ટીંગ તબીબ તરીકે ફરજ બજાવે છે. કોરોના કાળમાં ડોકટર ભગવાનનુ સ્વરૂપ હોવાનો



અહેસાસ પ્રત્યેક નાગરિકોને થઈ રહ્યો છે. ડો પાર્થ પંડયા પણ કોરોનાની મહામારીના આ કપરા સમયમાં તાવ, શરદી, ઉધરસ,ડાયાબિટીસ, હૃદય રોગના દર્દીઓની ખડેપગે સેવા કરી રહ્યા હતા. આ દરમિયાન તેમને કોરોનાનુ સંક્રમણ થતા તેઓ હાલ સારવાર હેઠળ છે. નાનપણથી જ ડોકટર બની નાગરિકોની સેવા કરવાનો સંકલ્પ ધરાવતા ડો પાર્થ પંડયા માટે તેમના પિતા નિલેશભાઈ તેમજ માતા પુર્ણિમાબેન પ્રેરણાદાયી બન્યા છે. તેમનો ભાઈ હર્ષ પણ મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવે છે. કોરોનાથી બચવા માટે બિનજરૂરી ઘરની બહાર ન નિકળવુ પણ સલાહભર્યુ છે.





# ૧૩-સીના રહેવાસીઓ દ્વારા શિવલીંગની સ્થાપના કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

આજથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે. ત્યારે કોરોનાને કારણે મંદિરમાં ભીડભાડ કરવાની જગ્યાએ સે. ૧૩-સીના રહેવાસીઓ દ્વારા સેક્ટરમાં સાફ-સફાઈ કરાવી શિવલીંગની સ્થાપના કરી હતી. જેને કારણે હવે સેક્ટરવાસીઓ નિશ્ચિત સમયે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે ખુલ્લી જગ્યામાં જ શિવજીની પૂજા કરી શકશે.

# ગાંધીનગરમાં હેલ્થવર્કરોની આઉટ સોર્સિંગથી નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા તમામ તાલુકાઓમાં અસરગ્રસ્ત ગામ અને પેરીઅર્બન વિસ્તારો માટે કુલ ૧૧૦ એમ.પી.એચ.ડબલ્યુ.ની આઉટ સોર્સિંગથી ભરતી કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ એમ.પી.એચ.ડબલ્યુ દ્વારા ગાંધીનગર જિલ્લામાં સર્વેલન્સની કામગીરી વધુ સઘન કરવામાં આવશે તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મુનભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈને સર્વેલન્સ કામગીરી વધુ સઘન થઈ શકે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા તમામ તાલુકાઓમાં ગામ/પેરીઅર્બન વિસ્તાર માટે કુલ ૧૧૦ એમ.પી.એચ.ડબલ્યુ.ની આઉટ સોર્સિંગથી ભરતી કરવામાં આવશે.

જેઓ દ્વારા ડોર ટુ ડોર સર્વેલન્સ કામગીરી વધુ અસરકાર થઈ શકે તે હેતુથી ગાંધીનગર તાલુકામાં ૨૬ એમ.પી.એચ.ડબલ્યુ.ની ફાળવણી કરવામાં આવી છે. જેમાં સઘુડ પી.એચ.સી. ખાતે ૨૦, આદરજ પી.એચ.સી. ખાતે બે, ઉવારસદ પી.એચ.સી ખાતે બે અને ઉનાવા પી.એચ.સી ખાતે બે ની ફાળવણી કરવામાં આવી છે. કલોલ તાલુકામાં કુલ- ૪૦ એમ.પી.એચ.ડબલ્યુ નગરપાલિકા વિસ્તારમાં, પાનસર પી.એચ.સી. ખાતે ૧૬, ધાનજ પી.એચ.સી ખાતે ૧૦ અને સઈજ પી.એચ.સી. ખાતે ૬ એમ.પી.એચ.ડબલ્યુની ફાળવણી કરવામાં આવી છે.

દહેગામ અને માણસા અર્બન વિસ્તારમાં તાલુકા દીઠ ૬ એમ કુલ ૧૨ એમ.પી.એચ.ડબલ્યુની ફાળવણી કરવામાં આવશે. જેનાથી શંકાસ્પદ દર્દીની ઓળખ સત્વરે થઈ શકે અને તેઓને ત્વરિત રેફરલ સેવા આપી યોગ્ય સારવાર આપી શકાશે. આ સિવાય કોવિડ-૧૯ની અટકાયતી તમામ કામગીરી વધુ સુગમતાથી થઈ શકશે. આ ઉપરાંત વધુ જરૂરિયાત જણાશે તો કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા માનદ વેતનથી પણ પેરામેડિકલ સ્ટાફની નિમણુંક આવશે, તેવું પણ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# નવા વરાયેલા ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલને મુખ્યમંત્રીના અભિનંદન

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ તરીકે વરાયેલા સી. આર. પાટીલને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ સી. આર. પાટીલને શુભેચ્છાઓ આપતાં કહ્યું કે રાષ્ટ્રિય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કરેલી આ નિમણૂંકને અમે વધાવીએ છીયે. તેમણે કહ્યું કે સી.આર. પાટીલે વર્ષો સુધી ભાજપાના કાર્યકર્તા તરીકેથી લઈને સાંસદ સુધી ભૂમિકા ભજવી છે. સાંસદ તરીકે સૌથી વધુ મતોથી ચૂંટાઈ આવવાનો નવો રેકોર્ડ તેમણે સ્થાપ્યો છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે સી. આર. પાટીલના નેતૃત્વમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અવશ્ય ખૂબ વિકાસ સાધશે, તેમજ સંગઠનનો વ્યાપ વધશે. ગુજરાતમાં આવનારી ચૂંટણીમાં ભાજપ વિજય પ્રાપ્ત કરશે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે સી.આર. પાટીલની નિમણૂંકને સૌ આવકારે છે.

## જાહેર નિવિદા

પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા) -વ- નાયબ ખેતી નિયામક (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૫, ગાંધીનગર દ્વારા વર્ષ : ૨૦૨૦-૨૧માં ઈન્ટરનલ ઓડિટ તથા સ્ટેચ્યુટરી ઓડિટ અંગેના ભાવ મંગાવવામાં આવે છે. જિલ્લામાં રસ ધરાવતી પાર્ટીઓને કચેરીમાંથી રૂ. ૫૦૦ ચૂકવી ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે. સંપૂર્ણ ભરેલ ટેન્ડર તા. ૧૦/૮/૨૦૨૦ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ રજી. પોસ્ટ એ.ડી. / કુરિયર / રૂબરૂ પહોંચતા કરવાના રહેશે.

**ટેન્ડર મેળવવાનું અને પરત કરવાનું સ્થળ :**
**પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા)-વ- નાયબ ખેતી નિયામક (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૫, ગાંધીનગર. (૦૭૯-૨૩૨૪૩૮૫૩)**

માહિતી/૫૦૨/૨૦-૨૧

**ઈન્ડેક્ષ્ટ-સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ** (ગુજરાત સરકારની સંસ્થા)
iNDEXT-c
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંદીનગર. ઓફીસ : (૦૭૯) ૨૩૨૫૬૦૦૫
E-mail : exdire-indext-c@gujarat.gov.in

## હાથશાળ-હસ્તકલાના મેળા-પ્રદર્શનમાં ભાગ લેવા બાબત

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતા હેઠળના ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યમાં તથા રાજ્ય બહાર વિવિધ સ્થળોએ હાથશાળ - હસ્તકલાના પ્રદર્શન - સહ - વેચાણ મેળાના આયોજન થકી રાજ્યના હાથશાળ - હસ્તકલા અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના વ્યક્તિગત કારીગરો / ઓદ્યો.સહ.મંડળીઓ / સંસ્થાઓ / સખી મંડળોને સીધી બજાર વ્યવસ્થા પુરી પાડી આત્મનિર્ભર કરવાનું આયોજન છે. આ મેળા - પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઈન્ડેક્ષ્ટ-સીનું કારીગર ઓળખકાર્ડ ધરાવતા કારીગરો તથા DC હેન્ડીક્રાફ્ટ (GOI) દ્વારા આપવામાં આવેલ કારીગર ઓળખકાર્ડ, ઔદ્યો.સહ.મંડળી / સંસ્થાઓ / સખી મંડળો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

રાજ્યના હાથશાળ - હસ્તકલા ક્ષેત્રના રાજ્ય તથા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા કારીગરો તથા રાજ્યની લુપ્ત થતી હસ્તકલાના કારીગરોને વિના મૂલ્યે સ્ટોલ આપવામાં આવશે તથા મેળામાં જીવંત નિદર્શન (લાઈવ ડેમો) કરાવવામાં આવશે તે માટે નિયત મહેનતાણું આપવામાં આવશે.

આ માટે નિયત અરજી ફોર્મ ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી તમામ વિગતો ભરેલું અરજી ફોર્મ તા. ૧૪/૮/૨૦૨૦ સુધીમાં ઉપરોક્ત જણાવેલ સરનામે મોકલી આપવાનું રહેશે. વિગતવાર માહિતી માટે ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ જોવા અનુરોધ છે.

**નોંધ : ગત વર્ષ ૨૦૧૯-૨૦માં અરજી કરેલ હોય તેમણે નવી અરજી કરવાની રહેશે નહીં.**

માહિતી/૪૯૧/૨૦-૨૧ **કાર્યવાહક નિયામક**